# ગુલપરી



ગુલછડીનાં લાંબાં-લાંબાં ગોરાં-ગોરાં ફૂલ તમે જોયાં છે ? એક-એક ફૂલનું આયુષ્ય ચાર-પાંચ દિવસનું હોય; એના ડૂંડામાંથી રોજ સાંજે બે-બે ફૂલ ખીલતાં રહે અને ડૂંડું પણ રોજ ને રોજ થોડું ઊંચું ને ઊંચું થતું રહે. રાતરાણીનાં ફૂલની જેમ ગુલછડીનાં   ફુલ રાતે જ ઊઘડે અને દિવસે બિડાઈ જાય –એવું નહીં હોં ! ગુલછડીનાં ફૂલ તો આખો દિવસ અને રાત ઊઘડેલાં જ રહે. પણ તેમાં સુગંધ સાંજે છ વાગે શરૂ થાય. અને આખી રાત મઘમઘે. પણ સવારના પાંચ સાડાપાંચ થાય એટલે ગંધ ગાયબ. શ્વાસ ખેંચીખેંચીને બહુ સૂંઘો તો સહેજ-સહેજ ન જેવી સુગંધ આવે, જાણે સુગંધ-પરી એમાં પોતાનાં સ્લીપર મૂકતી ગઈ હોય એમ. પણ સાંજ પડ્યે તેમાં સુગંધ મઘમઘવા માંડે. પડખેથી પસાર થઈએ, તો આ ગંધ જાણે સાદ કરીને આપણને પડખે બોલાવે. અને સુગંધ તો એવી કે જાણે સૂંઘ્યા જ કરીએ, સૂંઘ્યા જ કરીએ. પણ સવારના સાડાપાંચ થતાં સુગંધપરી ગાયબ !

મનનભાઈને આ બધું જાણવાની બહુ મઝા આવી. ગુલછડીને તે   ‘ગુલપરી’ કહેવા લાગ્યો. રાત્રે તો તેણે ધીમેથી એમાંથી એક ફૂલ તોડયું અને ઓશીકા ઉપર નાક પાસે રહે તેવી રીતે ફૂલ ગોઠવીને સૂંઘતો-સૂંઘતો સૂઈ ગયો. અને ઢે..ન કરતી ભાઈ, એક પરી મઘમઘતી-મઘમઘતી આવી બાપલા ! મનનને પૂછે, તારું નામ ?’ મનન કહે, ‘મનન. અને બીજું નામ ભજું. તમારું નામ ? ’ પરી કહે, ‘ગુલપરી. અને બીજું નામ સુગંધ. ’ ગુલપરીનો આકાર બરોબર ગુલછડીના ફૂલ જેવો હોં !   માત્ર પાંખ વધારામાં. તેણે તો પોતાની પીઠ ઉપર મનનભાઈને બેસાડી દીધા. અને સરરર.... કરતી માંડી આકાશમાં સરવા. ત્યાં ત્રમ ત્રમ ત્રમ અવાજ આવવા માંડ્યો. પરીબહેન નીચે ઊતર્યાં તો ઝાડની એક ડાળી પર તમરાભાઈ પોતાનો તાનપૂરો વગાડતા હતા. થોડે દૂર એક તળાવ હતું ત્યાં પરીબહેન

મનનભાઈને લઈને પાણી પીવા ગયાં. તો ત્યાં એક દેડકાભાઈ ડ્રાઉં-ડ્રાઉં-ડ્રાઉં-એમ ગાતા હતા. પરી કહે, 'અરે ગાંડાભાઈ ! તમારે ગાવું છે તો તમરાભાઈના તાનપૂરાની સંગતમાં ગાઓને. આમ, આઘા-આઘા બેઠાં-બેઠાં ઢંગધડા વગરનું શું વગાડવું અને શું ગાવું ? ' તેમણે તમરાભાઈને સાદ પાડીને બોલાવ્યા. પછી તળાવને કાંઠે તો સંગીતની મહેફિલ જામી. તમરાભાઈનો તાનપૂરો અને દેડકાભાઈનો કંઠ. મનનભાઈને ધૂન ચડી. માંડ્યા મોઢેથી ટોક-ડોક, ટોક-ડોક કરતાં ડચકારા મારીને તબલાં વગાડવા. જમાવટ થઈ ગઈ ભાઈ, અને પરીબહેન માંડ્યાં નાચવા:

'છુમ છુમક છુમ, છુમ છુમક છુમ,
છુમ છુમક છુમ. છુમ-છુમ-છુમ-છુમ
'છુમ છુમક છુમ, છુમ છુમક છુમ,
છુમ છુમક છુમ. છુમ-છુમ-છુમ-છુમ

છોડ ઉપર કળી આવે અને કળીનું થઈ જાય ફૂલ, પછી ફૂલ પર પતંગિયું આવે, તો કેવો આનંદ થાય ? એવો આનંદ આવી ગયો.

મનનભાઈનું ટોક-ડોક, ટોક-ડોક સાંભળીને એક જાદુઈ ઘોડો દોડતો-દોડતો આવ્યો. એને થયું કે મારા ડાબલા વાગતા હોય તેવો અવાજ કોણ કરે છે ? તે તો મનનભાઈના તબલા-વાદન પર, કહો કે ડચકારા-વાદન પર એવો રીઝ્યો, એવો રીઝ્યો કે તેમને પોતાની પીઠ ઉપર બેસાડીને લઈ ગયો ચાંદામામાને દેશ. ચાંદામામાને દેશ તો રસ્તામાં ધૂળને ઠેકાણે રેતી જ રેતી ! પણ એ રેતી શેની ખબર છે ? તારાની રેતી. આકાશગંગા વહેતી હતી. અને તારાની રેતી ચળકતી હતી. ચાંદામામાએ તો મનનભાઈને ખોળે બેસાડ્યા અને સુંદર મજાના, અમૃત જેવા મીઠા દૂધની પ્યાલી પાઈ. મનનભાઈ તો ઘેલા-ઘેલા થઈ ગયા. મંડયા આકાશગંગામાં ધુબાકા મારવા. આકાશગંગામાં બહુ પાણી નહીં હોં, માંડ એક વેંત જેટલું પાણી. તેથી ડૂબવાંનો ભય નહીં તેથી મનનભાઈ તો મંડયા આકાશગંગામાં ઠેકડા મારવા અને છબછબિયાં કરવા અને તારાની રેતીમાં ગલોટિયાં ખાવા. રમતાં-રમતાં માંડ્યા કિલકારી મારવા. ચાંદામામા નાક ઉપર આંગળી મૂકીને કહે 'શીશ્......શી.....શીશ્....' થોડે દૂર ધોળાં-ધોળાં વાદળાં ઓઢીને કોઈ સૂતું હતું, તેને દેખાડી ચાંદામામા કહે, 'મનનભાઈ, અવાજ ન કરો. છૂદાદા સૂતા છે. કામ કરીને થાકી ગયા છે. તેથી મને જાગવાનું કામ સોંપીને પોતે સૂઈ ગયા છે . થોડી વાર પછી તેઓ જાગશે અને વાદળાંના એ પલંગમાં વાદળાં ઓઢીને હું સૂઈ જઈશ. ' મનનભાઈને તો ભારે નવાઈ લાગી. મનનભાઈએ તો ખિસ્સાં ભરીભરીને તારા લઈ લીધા. કહે કે આ ગોળ-ગોળ ચમકતા તારાથી મારાં ટીલુબહેન પાંચીકડાં રમશે અને દૂપ્પે...તીપ્પે કરીને મારા કેદારભાઈ લખોટી રમશે. અને

મારાં માસી આ રૂપેરી તારાઓનાં ઝૂમખાંથી પોતાની ફૂલદાનીઓ શણગારશે. મારી મમ્મી આ રૂપકડા તારાઓ કાનમાં ટીંગાડશે. મનનભાઈએ તો ચડ્ડીનાં ખિસ્સાં ભર્યાં, ખમીસનાં ખિસ્સાં ભર્યાં. અને બધું તડોતડ ભરાઈ ગયું પછી બે મુઠ્ઠીઓ ભરી. અને ત્યાં જ છૂદાદા પડખું ફર્યા. અને ચાંદામામાએ બગાસું ખાધું. જાદુઈ ઘોડો સમજી ગયો કે હવે થોડીવારમાં જ છૂદાદા ઊઠશે અને ચાંદામામાં સૂઈ જશે. તેથી મનનભાઈને ખંધોલે બેસાડીને માંડ્યો ઊડવા. મનનભાઈને ઘેર પહોંચીને તેમની મમ્મી પાસે મનનભાઈને હળવેકથી સુવાડી દીધા. પણ સુવાડ્યા એટલે ખિસ્સામાંથી દડ, દડ, દડ કરતા તારાઓના લખોટા ઢોળાઈ ગયા. એટલે મનનભાઈ ફટાક કરતાં ઊભા થઈ ગયા. પણ રામ રે રામ ! આજુબાજુ પિતાજી સૂતા હતા. બા સૂતી હતી. ઢોળાયેલા તારા તો કયાંય દેખાતા ન હતા. મનનભાઈ તો રોવા જેવા થઈ ગયા.

ત્યાં ઘડિયાળમાં છના ડંકા પડ્યા. માએ જાગીને પૂછયું, ‘કહે, દીકરા, કેમ બેઠો છે ? વહેલો ઊઠી ગયો ?’ મનન કહે, ‘સૂતું છે જ કોણ ?

પહેલાં વગાડ્યાં તબલાં
ને પછી વીણ્યા મેં ટમટમ,
ગજવાં ભર્યાં ’ તાં ભરચક,
તોય થઈ ગ્યાં ખાલી ખમખમ. ’

સપનાનું તો આવું છે ભાઈ ! મનનભાઈએ ઓશીકા ઉપર પડેલું ગુલછડીનું ફૂલ દીઠું અને હસી પડ્યા, ‘બા, આ ફૂલે જ ભારે કરી. તેને લીધે જ મને ગુલપરીનું સપનું આવ્યું. ગુલપરી આ ફૂલ જેવી જ લાંબી અને સુગંધિત હતી. તે જ મને જંગલમાં લઈ ગઈ અને પછી આવ્યો ઘોડો. ઘોડો મને ચાંદામામાને ઘરે લઈ ગયો અને અહીં મૂકી ગયો.’

લેખક : રક્ષાબહેન દવે